# ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબમાં બાળકોનો ટેલેન્ટ શો



ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબની પાંચમી બેઠક એસએસવી કેમ્પસ ખાતે યોજવામાં આવી હતી. ક્લબનાં સભ્ય બાળકોએ અફલાતૂન ટેલેન્ટ શો રજૂ કરીને બેઠકને મનોરંજક બનાવી દીધી હતી. આ બેઠકમાં પોતાને પસંદ હોય તે ટેલેન્ટ દર્શાવવા માટે સભ્યોને પહેલેથી જ સૂચના આપવામાં આવી હતી, તેથી બાળકો સજ્જ થઈને આવ્યાં હતાં.

બેઠકની શરુઆત હંમેશની જેમ સંજય થોરાત દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મૈત્રીભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે.... એ પ્રાર્થના ક્લબે અપનાવી છે ને એનું જ ગાન હંમેશા બેઠક પહેલાં કરવામાં આવે છે, પાંચમી બેઠકના પ્રારંભે પણ એ કરવામાં આવ્યું હતું. એ પછી મે માસમાં જે સભ્યોના જન્મદિન હતા એમને ચોકલેટ અને શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી. સંસ્થાના સભ્ય આલબીનને બેઠક વ્યવસ્થા માટે સ્વયંસેવક તરીકેની ભૂમિકા ભજવવા બદલ બિરદાવવામાં આવ્યા હતા. એ પછી ટેલેન્ટ શોનો ક્રમ ચાલ્યો. સંજયભાઈની વાર્તાથી જ ટેલેન્ટ શોની શરુઆત કરાઈ. અન્ય ચાર સભ્યોએ પણ પાંચ વાર્તાઓ કહી, જે પૈકી એક અંગ્રેજી વાર્તા હતી. દોઢ કલાક સુધી ટેલેન્ટનો મજેદાર દોર ચાલ્યો. જેમાં પિયાનોવાદન, ગાયન, ડાન્સ, સ્કેટિંગ, સ્કેટિંગ ડાન્સ અને અભિયની કૃતિનો સમાવેશ પણ થતો હતો. બેઠકની મધ્યમાં બ્રેક લઈને સૌએ સાથે બેસીને નાસ્તાની મજા પણ માણી. ટેલેન્ટ શોનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું, નેપથ્ય સંચાલન પંચમ નિમાવત અને ઋચા વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



મહેશકુમાર ડી રાવલ
મો. ૨૩૨૩૩૦૬૭



ભગવતીબેન બી. પ્રજાપતિ
મો. ૯૪૨૮૨ ૧૭૪૨૪



લીલાબેન કે ત્રિવેદી
મો. ૯૪૨૭૭ ૧૪૨૮૮



રમેશચંદ્ર જી મિસ્ત્રી
મો. ૯૯૭૯૦ ૯૮૪૦૯



શૌર્ય યોગેશ સોલંકી

# ભવન્સ હૉલમાં શનિવારે ‘ફોક ફ્યુઝન’ કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩૦

ભારતીય વિદ્યા ભવન, અમદાવાદનું સાંસ્કૃતિક એકમ ‘ભવન્સ કલ્ચરલ અકાદમી એન્ડ સેંટર ફોર આર્ટસ’ અનેક સાંસ્કૃતિક પ્રવૃતિઓનું જાહેર આયોજન કલા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાના એકમાત્ર હેતુથી કરે છે. ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા-પ્રકલ્પોને યોગ્ય મંચ પૂરો પાડવો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરવી તેમજ નવા અને ઊગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પૂરું પાડવું એ આ સંસ્થાનો મૂળભૂત ધ્યેય છે.

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા “આઉટરીચ કલ્ચરલ પોગ્રામ” શ્રેણી અંતર્ગત એક નવતર કાર્યક્રમનું આયોજન “ફોક ફ્યુઝન” શીર્ષક સાથે કરવામાં આવ્યું છે. ગુજરાત, રાજસ્થાન અને પંજાબનાં લોકગીતોનો સમન્વય સાધીને “આરીફ મીર”ના કંઠે આ મધુર સંગીતમય કાર્યક્રમની રજૂઆત થશે, જેમાં સંગીત પાર્થ મિસ્ત્રી આપશે અને શબ્દોનો દોર હિમાંશુ ચૌહાણ બાંધશે. તારીખ ૧લી જૂન, શનિવારના રોજ સાંજે ૮.૩૦ કલાકે ભવન્સ ગીતા હોલમાં યોજવામાં આવેલ આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદ્દન નિશુલ્ક છે. રસ ધરાવતાં સૌ કલાપ્રેમીઓને કાર્યક્રમ માણવા આયોજક સંસ્થાઓ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

## નાટ્યકલાકાર રાગી જાનીનાં માતુશ્રી હંસાબેનનું દુઃખદ અવસાન



ગાંધીનગર, તા. ૩૦

નાટક, ટીવી અને ફિલ્મના જાણીતા કલાકાર રાગી જાનીનાં માતુશ્રી હંસાબેન વિનોદભાઈ જાનીનું ૭૭ વર્ષની વયે બુધવારે અવસાન થયું છે.

તેમની અંતિમવિધિ ગુરુવારે કરવામાં આવી છે. સદ્દગતનું બેસણું તારીખ : ૦૧ જૂન ને શનિવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન ગજ્જર હોલ, નિર્માણ ભવન, લૉ-ગાર્ડન પાસે, એલિસબ્રિજ, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે.

### દવાઓ પર ૩૦ ટકાથી વધારે નફો નહીં લઈ શકાય

# હવે તમામ પ્રકારની એલોપેથીક દવાઓની કિંમતો નિયંત્રણ આવશે



ગાંધીનગર, તા. ૩૦

આગામી સમયમાં દેશમાં બધા પ્રકારની એલોપેથીક દવાઓની કિંમતો નિયંત્રણમાં આવી શકે છે. ત્યારબાદ દવાઓ પર ૩૦ ટકાથી વધારે નફો નહીં લઈ શકાય. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી તૈયાર કરાયેલા ૧૦૦ દિવસના એજંડામાં દવાઓના ભાવ પર નિયંત્રણ, મેડીકલ શિક્ષણમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર પર અંકુશ અને આરોગ્ય સેવાઓ માટે કેડરની નિમણુંકને સ્થાન આપવામાં આવ્યું છે. દવાઓના ભાવ નિયંત્રણએ મંત્રાલયની પ્રાથકિતામાં છે. મંત્રાલયનું માનવું છે કે કોઈપણ ધંધામાં ૩૦ ટકાનો નફો યોગ્ય ગણવામાં આવે છે. એટલે બધી દવાઓ પર વધુમાં વધુ નફો ૩૦ ટકા રાખવામાં આવશે. કોઈ દવાની પડતર નકકી કરવા માટે દવા બનાવવાનો ખર્ચ અને કંપની તરફથી કરવામાં આવતા ખર્ચને સામેલ કરવામાં આવશે. મંત્રાલયે ભારતીય એન્જીનીયરીંગ સર્વિસની જેમ જ એક ભારતીય સ્વાસ્થ્ય સેવા શરૂ કરવાનો પ્રસ્તાવ મુકયો છે. આ સેવામાં ફકત ડોકટરોને જ નિમણુંક આપવામાં આવશે અને આરોગ્ય વિષયક વિભાગોનું સંચાલન અધિકારીઓના હાથમાં રહેશે. આ સેવા આખા ભારતમાં ચાલશે. આ પહેલા સરકારે કેન્સરની ૪૨ દવાઓ માટે નફો ૩૦ ટકા પર સીમીત કર્યો હતો. તેના કારણે ૩૫૫ દવાઓની કિંમત ૮૫ ટકા જેટલી ઘટી ગઈ હતી. રાષ્ટ્રીય દવા મુલ્ય નિર્ધારણ ઓથોરીટી સમયાંતરે દવાઓની કિંમત નકકી કરે છે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૪મો મણકો ॥

### ૧૦૮ - હિંદની ગરીબાઈ અને વાંદરાઓ

એક વાર પરદેશી પત્રકારો ગાંધીજીની મુલાકાતે આવ્યા હતા. હિંદની સાચી પરિસ્થિતિ વિશે કશા જ ખ્યાલ વિનાના એક પત્રકારે એક વિચિત્ર સવાલ પૂછ્યો,

મિ. ગાંધી. હિંદુસ્તાનની ગરીબાઈનું કારણ વાંદરાઓ નથી ?

આ પત્રકારે ક્યાંકથી એવું સાંભળેલું કે હિંદમાં વાંદરાઓની વધુ વસતીથી અનાજની ખેતીને ભારે નુકસાન થાય છે, તેથી લોકોને ખાવાનું મળતું નથી.

ગાંધીજી : હા, હા. છે.

પણ ગાંધીજીએ હસવાનું ચાલુ રાખ્યું. તેમને લાંબો સમય હસતાં જોઈ પેલા પત્રકાર વિચારમાં પડી ગયા કે કંઈક કાચું કપાયું છે કે શું ? પછી તે બોલ્યા, શ્રીમતી નાયડુએ તમારા વિનોદી સ્વભાવની વાત કરી મને ચેતવી રાખ્યો હતો.




ગાંધીજી : હું હમણાં જ એનો સ્વાદ તમને ચખાડવાનો હતો. પણ મેં મારી જાતને રોકી લીધી.

પછી થોડીવાર હસીને ગાંધીજી બોલ્યા, લો ત્યારે. હવે વાત પૂરી જ કરું. અમારા દેશમાં લોકો અંગ્રેજોને વાંદરા કહે છે. રાવણ સાથેની લડાઈમાં રામચંદ્રજીએ વાનરોને મદદ કરી હતી. તેના બદલામાં તેમણે વાનરોને વરદાન આપ્યું હતું કે જાઓ, તમને ચક્રવર્તીપદ મળશે.

આ સાંભળી બીજા પત્રકારો પણ ખડખડાટ હસી પડ્યા. એ વાનરોનું ચક્રવર્તીપદ હઠાવવા જ ગાંધીજીનો જન્મ થયો હતો તેની સમજ પેલા પત્રકારને પડી ગઈ હશે.

### ૧૦૯ - કચ્છ અને નગ્નાવસ્થા

ગાંધીજી ઘૂંટણ સુધીનો કચ્છ પહેરતા. ગરીબ હિંદની સભ્યતાનો એ પોષાક હતો. પણ અંગ્રેજોની દષ્ટિએ તે નગ્ન પોષાક કહેવાય. તેથી તો ચર્ચિલે ગાંધીજીને અર્ધનગ્ન ફકીર કહ્યા હતા.

ગાંધીજીનો કચ્છ જોઈ એક અંગ્રેજે કહ્યું, મિ. ગાંધી. હિંદને તમે નગ્નાવસ્થા તરફ દોરી રહ્યા છો.

ગાંધીજીએ હસીને કહ્યું, ના રે ભાઈ. મારા દેશમાં નગ્નાવસ્થામાં રહેતા લોકોનાં અંગો ઢાંકવા માટે હું કપડાં લઈ જઈ રહ્યો છું.

ગાંધીજીના વિનોદમાં કેવી નક્કર વાસ્તવિકતા હતી !



‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર

# ઉચ્ચ અભ્યાસક્રમોમાં ચાલુ વર્ષથી ૧૦% આર્થિક અનામતનો અમલ

ગાંધીનગર,તા. ૩૦

ગુજરાતમાં ચાલુ વર્ષથી શરૂ થતા શૈક્ષણિક સત્રથી મેડિકલ, પેરા મેડિકલ, ઈજનેરી, ફાર્મસી, આર્કિટેક્ચર, એમ.બી.એ અને એમ.સી.એ સહિતના ઉચ્ચ અભ્યાસક્રમોમાં બિન અનામતમાં આવતા આર્થિક રીતે નબળા વર્ગને ૧૦ ટકા અનામતનો અમલ કરવાનો મહત્ત્વનો નિર્ણય મંત્રી મંડળની બેઠકમાં લેવામાં આવ્યો છે. ૧૦ ટકા આર્થિક અનામતના અમલના કારણે એસસી, એસટી, ઓબીસી સહિત તમામ કેટેગરીની કુલ બેઠકમાં ૨૨થી ૨૫ ટકા મુજબ બેઠકનો વધારો થતા રાજ્યના તેજસ્વી વિદ્યાર્થીઓને મોટો લાભ મળશે તેમ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે. તેના કારણે એમબીબીએસની હાલ ૪૩૫૦ બેઠક છે તેમાં ૯૧૪ બેઠકનો વધારો થઈને કુલ ૫૨૬૪ બેઠક થશે, જ્યારે ઈજનેરી, ફાર્મસી આર્કિટેક્ચર સહિતના પ્રોફેશનલ કોર્સમાં કુલ મળીને ૪૪ હજાર બેઠકનો વધારો થશે. આ વર્ષની એડમિશન પ્રોસેસમાં જ વધારાની બેઠકનો સમાવેશ કરીને વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવશે.

ડેપ્યુટી સીએમ નીતિન પટેલે જણાવ્યું હતું કે, બુધવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં મળેલી કેબિનેટની બેઠકમાં બિન અનામતમાં આવતા આર્થિક રીતે નબળા વર્ગોને ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય કરાયો છે. તે સાથે પીએમ નરેન્દ્ર મોદીએ જાહેર કરેલી ૧૦ ટકા આર્થિક અનામતનો અમલ કરનારું ગુજરાત પહેલું રાજ્ય બનશે. ગુજરાત સરકારે અગાઉ નિર્ણય કર્યો છે તે મુજબ વાર્ષિક રૂ. ૮ લાખથી ઓછી આવક ધરાવતાં પરિવારના વિદ્યાર્થીઓ કે જે કોઈપણ જાતની અનામતનો લાભ નથી મેળવતાં તેમને વાજબી ફી સાથેના ભણતરમાં આ નિર્ણયનો



લાભ મળશે. વિદેશમાં જઈને મોંઘીદાટ ફી આપવી પડે છે તેમાં પણ ફાયદો થશે.

તેમણે જણાવ્યું હતું કે, રાજયમાં આર્થિક રીતે બિન અનામત વર્ગને ૧૦ ટકા અનામત આપવાના કારણે હાલમાં પ્રવર્તમાન અનામત નીતિમાં કોઈ પણ ફેરફાર કરાશે નહીં તેમજ બિન અનામતની ૫૧ ટકાના ધોરણે મળતી બેઠકમાં પણ ઘટાડો કરાશે નહી. આમ કરવાથી મંજૂર થયેલી કોઈપણ કોલેજની કુલ બેઠકમાં ૨૨ થી ૨૫ ટકા બેઠકનો વધારો કરાશે. તે મુજબ જો ૧૦૦ સીટ હોય તો ૧૨૫ બેઠક કરવી પડે. જેનાથી પ્રવર્તમાન અનામતના ધોરણની બેઠકને ઘટાડ્યા વગર ૧૦ ટકાની આ અનામત બેઠક ફાળવી શકાશે. આ જોગવાઈ અનુસાર ૧૫૦ બેઠકની કોલેજમાં જો પ્રવર્તમાન અનામતનું ધોરણ પણ જળવાય અને બિન અનામત વર્ગને ૧૦ ટકા બેઠકની ફાળવણી થાય તેવી સ્થિતિમાં ૧૮૫ બેઠક પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો પડે. જેમાં ૪૧ ટકા બિન અનામત વર્ગની ૬૫ બેઠક, ૧૦ ટકા આર્થિક પછાત બિન અનામત વર્ગની ૧૫ બેઠક, ૨૭ ટકા લેખે એસઈબીસી કેટેગરીની ૪૨ સીટ, ૧૫ ટકા એસટી કેટેગરીની ૨૪ સીટ ઉપરાંત ૭ ટકા એસસી કેટેગરીની ૧૧ સીટ સાથે ૧૫ ટકા ઓલ ઈન્ડિયા ક્વોટાની ૨૮ સીટ ઉમેરતાં કુલ ૧૮૫ બેઠક ઉપર પ્રવેશ આપવો પડશે. તેવી જ રીતે ઈજનેરી, ફાર્મસી સહિતના પ્રોફેશનલ કોર્સમાં પણ બિન અનામત વર્ગના ૧૦ ટકા અનામતનો અમલ કરવાથી બેઠકમાં વધારો થશે. ઈજનેરી ક્ષેત્રે ૧૦ ટકા અનામતના અમલને કારણે ઉપલબ્ધ બેઠકમાં ૩૮૬૦૭ બેઠકનો વધારો થશે. ફાર્મસીમાં ૧૬૭૬ બેઠકનો તેમજ આર્કિટેક્ચર, એમબીએ, એનસીએ અને અન્ય કોર્સની બેઠકમાં ૪૨૪૭ બેઠકનો વધારો થશે. પ્રોફેશનલ કોર્સમાં કુલ બેઠકમાં ૪૪૦૦૦થી વધુ બેઠકનો વધારો થશે.

નીતિનભાઈએ જણાવ્યું હતું કે, મેડિકલ કોલેજમાં બેઠક વધતા તે મુજબ કોલેજમાં પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર વિગેરેની જરૂર પડશે પરંતુ તુરંત વિવિધ ફેકલ્ટી મળતા સમય લાગશે. તેથી ટીચિંગ સ્ટાફના હાલના જે નિયમો છે તેમાં સુધારો થાય કે ધોરણો હળવા બનાવાય તે માટે એમસીઆઈને રજૂઆત કરવામાં આવશે. તે સાથે કેન્દ્ર સરકારમાં જે નવા મંત્રી બને તેમની સાથે પણ ગુજરાત સરકાર દ્વારા મીટીંગ કરીને ઈન્સ્પેક્શન સહિતના મુદ્દે હળવાશ મળે તે માટે રજૂઆત કરવામાં આવશે. તેનો યોગ્ય પ્રતિસાદ મળશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

### નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલએ કેન્દ્ર સરકારને કહ્યું

# જે વિસ્તારમાં પાણી ખારું ન હોય ત્યાં આરઓ પર પ્રતિબંધ મૂકો

ગાંધીનગર,તા. ૩૦

નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (NGT)એ કેન્દ્ર સરકારને કહ્યું છે કે, જે વિસ્તારોમાં પાણી ખારું ન હોય, ત્યાં રિવર્સ ઓસ્મોસિસ (RO) સાધનોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવે. NGTએ સરકારને આ અંગે નીતિ બનાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે, જે જગ્યાઓ પર પાણીમાં ટોટલ ડિઝોલ્વ્ડ સોલિડ્સ (TDS)ની માત્રા ૫૦૦ મિલીગ્રામ પ્રતિ લીટરથી ઓછી હોય, તે ઘરોમાં સપ્લાય થનારા નળના પાણીને સીધું પી શકાય છે.

NGTએ એવું પણ કહ્યું હતું કે, ૬૦%થી વધુ પાણી દેનારા ઈંના ઉપયોગની જ મંજૂરી આપવામાં આવે. સરકારની પ્રસ્તાવિત નીતિમાં ROથી ૭૫% પાણી મળે અને રિજેકટ થઈને નિકળતા પાણીનો ઉપયોગ વાસણ, ફલશિંગ, ગાડીને ધોવામાં કરવાનું પ્રાવધાન હોવું જોઈએ. NGTએ કેન્દ્ર સરકારને એમ પણ કહ્યું હતું કે, લોકોને મિનરલ વાળા પાણીથી સંભવિત નુકસાન વિશે પણ જણાવવામાં આવે.

NGTની કમિટીએ કહ્યું હતું કે, જો TDS ૫૦૦ મિલીગ્રામ પ્રતિ લીટરથી ઓછું હોય તો RO પદ્ધતિ ઉપયોગી નહીં થાય, પરંતુ તેનાથી મહત્ત્વપૂર્ણ ખનીજ પણ નીકળી જશે અને સાથે જ પાણીની અનુચિત બરબાદી પણ થશે.

### ૧૨ ટકા અને ૧૮ ટકાના દરોને બદલે એક નવો દર લવાશે

# જીએસટીમાં મોટી રાહતની તૈયારી

ગાંધીનગર,તા. ૩૦

બીજીવાર સત્તામાં આવેલ મોદી સરકાર જીએસટીના મોર્ચે મોટા પગલાઓ લેવા જઈ રહી છે. સરકારી સૂત્રોનું માનવામાં આવે તો સરકાર જીએસટી હેઠળ હાલના ચાર સ્લેબના દરો ઘટાડવાની યોજના પર કામ કરી રહી છે.

સૂત્રોએ જણાવ્યુ છે કે આવતા સપ્તાહે મળનારી બેઠકમાં આ બાબતે નક્કી કરવામાં આવશે કે દેશમાં જીએસટીના દરો કેટલા હોવા જોઈએ. સાથે જ તે પ્રસ્તાવિત દરોને હાલના સ્લેબના સામાનોને કઈ રીતે મુકવા, જાણકારી અનુસાર દરોના મર્જરના પ્રસ્તાવને મંજુરી મળ્યા પછી આ કેસ જીએસટીની ફીટમેન્ટ કમિટિને મોકલી દેવાશે. આ કમીટીમાં કેન્દ્ર અને રાજ્યોના અધિકારીઓ સામેલ છે. દરો પર તેમના રીપોર્ટ પછી જ તેને અમલમાં મુકાશે. અત્યારે દેશમાં મુખ્યત્વે ચાર સ્લેબ છે. જેમાં કોઈ પણ વસ્તુ કે સેવા ઉપર ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના દરે જીએસટી લાગે છે. લકઝરી અને આરોગ્ય માટે હાનિકારક પદાર્થોને છોડીને બાકીની ચીજો માટે ૨૮ ટકાનો દર તબક્કાવાર સમાપ્ત કરવામાં આવી રહ્યો છે. હવે સરકારની આગલી પ્રાથમિકતા ૧૨ ટકા અને ૧૮ ટકાના સ્લેબને મર્જ કરીને એક જ સ્લેબ બનાવવાની છે. આ અંગેનો નિર્ણય બહુ જલ્દી વેવાઈ શકે છે. જીએસટીને સરળ બનાવવા માટે સરકાર તેમાં સતત સુધારાઓ કરી રહી છે. તેના સ્લેબ ઓછા કરવા બાબતે તો નાણામંત્રી અરૂણ જેટલી પર ઘણીવાર બોલી ચૂકયા છે. આગામી બેઠકમાં પણ તેને વધુ સરળ બનાવવા માટે કેટલાય ફેરફારો પર ચર્ચા થશે.

# હવે સાંજે ૬ વાગ્યા સુધી RTGS દ્વારા નાણાં ટ્રાન્સફર કરી શકાશે

ગાંધીનગર, તા. ૩૦

સામાન્ય માણસોને રાહત આપવા માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈના નવા નિયમ પ્રમાણે હવે RTGS (રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ) દ્વારા પૈસા મોકલવાનો સમય દોઢ કલાક વધારીને સાંજે ૬ વાગ્યા સુધીનો કરી દેવામાં આવ્યો છે. નવો નિયમ ૧ જૂનથી લાગુ કરવામાં આવશે. હાલ આરટીજીએસ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવાનો સમય સાંજે ૪.૩૦ સુધીનો છે.

RTGS વ્યવસ્થા અંર્તગત ફંડ ટ્રાન્સફરનું કામ તુરંત થઈ જાય છે. આરટીજીએસનો ઉપયોગ મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે થાય છે. તેમાં ઓછામાં ઓછી રકમ રૂ. ૨ લાખ હોય છે અને મહત્તમ રકમની સીમા નક્કી કરવામાં આવી નથી. મોટી રકમના ટ્રાન્ઝેક્શન માટે આરટીજીએસને સૌથી સ્પીડી માધ્યમ માનવામાં આવે છે. એપ્રિલમાં બેન્કો અને ગ્રાહકોએ મળીને કુલ ૧.૧૪ કરોડ રૂપિયાનું આરટીજીએસ દ્વારા ટ્રાન્ઝેક્શન કર્યું હતું

આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, તેમણે આરટીજીએસ દ્વારા ગ્રાહકની લેણદેણનો સમય સાંજે ૪.૩૦થી વધારીને ૬ વાગ્યા સુધીનો કરી દીધો છે. આરટીજીસીની આ સુવિધા ૧ જૂનથી મળશે.